

હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત લો કોલેજ, હિંમતનગર ખાતે આજ રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એકઝીક્યુટીવ કાઉન્સિલર, લો ફેકલટી ના ડિન તથા મોડાસા લો કોલેજના સિનિયર પ્રોફેસર ડૉ.અશોકભાઈ શ્રોફનું Intellectual Property Rights વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્તા કાર્યક્રમમાં કા.આચાર્ય ડૉ.બિનલબેન પટેલ દ્વારા શાબ્દિક તથા બુકે થી મહેમાનનું સ્વાગત કરવામાં આવેલ. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓને ખૂબ જ રસપ્રદ અને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. જયપ્રકાશ જાની તથા ડૉ. પારસ જોષી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાયકમની આભાર વિધી જાનકી રાવલ કરેલ. કોલેજ તમામ સ્ટાફ મિત્રોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા સંચાલિત આંખોનું તપાસ નિઃશુલ્ક કેન્દ્ર

ભિલોડા,તા.૦૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે સેવાકીય પ્રવૃતિઓમાં હંમેશા અગ્રેસર જન સેવા એજ પ્રભુ સેવા સુત્રને સાર્થક કર્યું છે.ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા સંચાલિત આંખોની નિઃશુલ્ક તપાસ આધુનિક મશીનથી નિષ્ણાંત ડોક્ટરો દ્વારા દર ગુરૂવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી કરવામાં આવે છે.આંખોની તકલીફ હોય તેઓને આ તપાસ કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ તેમ સેવાભાવી કાર્યકરોએ જણાવ્યું હતું.સ્થળ :- વિઝન સેન્ટર (આંખોનું તપાસ કેન્દ્ર),સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,લાટી બજાર શાખા, આકાર કોમ્પલેક્ષ,હાથમતી નદીના પુલ પાસે,ભિલોડા ખાતે જરૂરિયાતવાળા વ્યક્તિઓ માટે રાહતદરે ચશ્માનું વિતરણ થાય છે.

### ઓમિક્રોનના વધતા ખતરાથી આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં

# સાબરકાંઠા, અરવલ્લીમાં વિદેશથી આવેલા ૧૫૩ લોકો હોમ ક્વોરન્ટાઈન

## રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રને હાશકારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મિક્રોનના સંભવિત વધતા ખતરાથી આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે. જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં બેડ તેમજ ઓક્સિજન પ્લાન્ટ તૈયાર કરાયા છે. વિશ્વમાં નવેસરથી હાહાકાર મચાવનાર કોરોનાના ઓમિકોન વેરિયેન્ટની દેહશતથી સાબરકાંઠા માં ૧૩૬અને અરવલ્લીમાં ૧૭ વિદેશથી પરત આવેલા લોકોને આરોગ્ય વિભાગ દ્વારા હોમ ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા છે. હોમ ક્વોરન્ટાઈન પ્રવાસીઓના આર.ટી.પી.સી.આર.ટેસ્ટ નેગેટિવ આવતાં તંત્રએ હાશકારો જરૂર અનુભવ્યો છે પરંતુ સાવચેતીના ભાગરુપે ૭ દિવસ તમામને ક્વોરન્ટઈનનું પાલન કરવા અને જરૂર જણાયે ફરીથી ટેસ્ટની સૂચના આપવામાં આવી છે.


દેશ તેમજ રાજયમાં મિઝોનના શંકાસ્પદ દર્દીઓ નોંધાતાં હડકંપ મચી ગયો છે. જિલ્લામાં આરોગ્ય તંત્રએ સંભવિત ઓમિકોન વેરિયેન ટસામે લડવા માટેની તમામ તૈયારીઓ શરુ કરી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા અપાયેલી ગાઈડલાઈન મુજબ સરકારી હોસ્પિટલોમાં બેડ તેમજ ઓક્સિજન પ્લાન્ટની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યાં પણ કોરોનાનો શંકાસ્પદ કેસ નોંધાય કે તરત તેની ટ્રાવેલ હિસ્ટ્રી ઉચ્ચ કક્ષાએ પહોંચાડવા માટે સૂચ નાઓ અપાઈ છે. ખાસ કરીને વિદેશથી અને તેમાંય હાઈરીસ્ક ૧૧ દેશમાંથી આવતા લોકો ઉપર આરોગ્ય વિભાગે ખાસ વોચ ગોઠવી છે. અરવલ્લી જલ્લામાં કોરોનાની ત્રીજી લહેર સાથે મિક્રોનના જોખમને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. સાબરકાંઠા જિલ્લામાં વિદેશથી પરત આ વેલા ૧૩૬ લોકોને કોરોનાના શંકાસ્પદ વેરિયેન્ટને ધ્યાને રાખી હોમ ક્વોરન્ટાઈન કરી તેમના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે અને હજુ પણ વિદેશથી પરત આવતા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યાનું જિલ્લા ઈ.એમ.ઓ. મુકેશભાઈ કાપડીયાએ જણાવ્યું છે. જ્યારે અરવલ્લી જિલ્લાના મોડા સા, બાયડ, માલપુર અને ધનસુરા તાલુકામાં ૧૭ જેટલા લોકો વિદેશથી પરત આવ્યાનું ધ્યાન પર આવતાં આરોગ્ય વિભાગ દ્વારા તેમને ફરજીયાત હો મ ક્વોરન્ટાઈન કરવાની સાથે તેમના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવતાં તમામ રિપોર્ટ નેગેટિવ આવ્યાનું જિલ્લાના આરોગ્ય સૂત્રોએ જણાવ્યું છે. જિ લ્લામાં કોરોનાના નવા વેરિયેન્ટની દહેશત વચ્ચે યુનાઈટેડ આરબ અમીરાત, ઓમાન, કેનેડા, યુનાઈટેડ સ્ટેટ, રશિયા અને કુવૈત સહિતના દેશમાંથી આવેલા લોકો ઉપર આરોગ્ય વિભાગે ખાસ નજર ટેકવી છે જેમાં હાલ ભલે રિપોર્ટ નેગેટિવ આવ્યા હોય પરંતુ શંકાસ્પદ લક્ષણો જણાય કે તરત ફરી ટેસ્ટ કરવા માટે સૂચના આપ્યાનું જાણવા મળ્યું છે.


**વિદેશથી આવનારા લોકો માટે હોટલમાં ક્વોરન્ટાઈન વ્યવસ્થા ગોઠવાશે : આરોગ્ય અધિકારી**

અરવલ્લી જિલ્લામાં સંભવિત ઓમિકોન વેરિયેન્ટની દહેશત વચ્ચે આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. ૧૭ લોકો વિદેશથી આવતાં હોમ ક્વોરન્ટાઈન કરી દેવાયા છે. જ્યારે હવેથી વિદેશથી આવનારા લોકો માટે આરોગ્ય વિભાગ દ્વારા હોટલમાં ક્વોરન્ટાઈનની વ્યવસ્થા ગોઠવવામાં આવના ર છે જેમાં વિદેશથી પરત આવનાર વ્યક્તિએ પોતાના ઘરમાં ક્વોરન્ટાઈનની સગવડ થઈ શકે તેમ ન હોય તો સ્વખર્ચે હોટલમાં ક્વોરન્ટાઈન રહેવા માટે વ્યવસ્થા ગોઠવાઈ રહ્યાનું આરોગ્ય વિભાગના ઈ. એમ.ઓ. . પ્રવિણ ડામોરે જણાવ્યું છે.

# કાર કેનાલમાં ખાબકતાં બાયડના કોજણકંપાના દંપતિનું મોત : પંથકમાં શોકનું મોજુ







બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

કપડવંજ તાલુકાના દહીયપ પાસે નર્મદા કેનાલમાં કાર ખાબકવાની ગોઝારી ઘટનામાં બાયડ તાલુકાના કોજણકંપાના દંપતિનું મોત નિપજ તાં સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. મૃતક દંપતિ ૨ દિવસ પૂર્વે કાર લઈને ધાર્મિક સ્થળોના દર્શનાર્થે રવાના થયા હતા જે સમયે કપડવંજ ગ્રા મ્ય પોલીસ સ્ટેશનની હદમાં કાર ઓચિંતિ કેનાલમાં ખાબકી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાબડતોબ સ્થળ ઉપર દોડી ગઈ હતી જેમાં ક્રેઈન અને જે.સી.બી.ની મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં પાણીમાં ડૂબી જવાના કારણે પટેલ દંપતિનું મોત નિપજ્યું હતું. જાણવા મળ્યા મુજબ બાયડ તાલુકાના કોજાકંપાના ઈન્દ્રવદન ગણેશભાઈ પટેલ અને તેમનાં પત્નિ જયાબેન પટેલ ઘરેથી કાર લઈને ધાર્મિક સ્થળોની મુલાકાતે જવા માટે રવાના થયા હતા જે દરમ્યાન પૂરઝડપે દોડતી કાર કપડવંજ તાલુકાના દહીયા ગામની સીમમાંથી પસાર થતી હતી જે સમયે કાર કેનાલના પાણીમાં ખાબકી હતી. વાહનોની અવર જવરથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર કાર કેનાલમાં ખાબકતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં . ઘટનાની જાણ થતાં કપડવંજ ગ્રામ્ય પોલીસ પણ સ્થળ ઉપર આવી પહોંચી હતી અને યાંત્રિક સાધનોની મદદથી કારને બહાર કાઢવાનો પ્રયાસ કરવા માં આવ્યો પરંતુ કેનાલના પાણીમાં ડૂબીને ગુંગળાઈ જવાથી બાયડના કોજણકંપાના દપતિનું મોત નિપજતાં બંન્ને મૃતદેહ બહાર કાઢી સગા-સબંધીઓ ને જાણ કરવામાં આવી હતી. ગોઝારી ઘટનામાં એક સાથે દંપતિનું મોત નિપજવાના બનાવને લઈને પટેલ પરિવારમાં ઘેરો શોક છવાયો છે.

### સલામત સવારીની શિયાળામાં સેહત બગડી..!!

# જિલ્લામાં ૧૫૦થી વધુ એસ.ટી. બસને સેલ ન લાગવાનો રોગ

## ધક્કા સ્ટાર્ટ એસ.ટી. બસથી ડ્રાઈવર-કંડક્ટર પરેશાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાયમી રુટ ઉપર દોડતી એસ.ટી. બસને વહેલી સવારે સેલ ન લાગવાનો રોગ લાગુ પડ્યો છે. ધક્કા સ્ટાર્ડ એસ.ટી. બસથી ડ્રાઈવર-કંડક્ટરો પરેશાન બન્યા છે. જિલ્લાના એસ.ટી. ડેપોમાં ૧૫૦થી વધુ એસ.ટી ની બેટરી ખામીવાળી હોવાથી સવારના સ મયે એસ.ટી. શરુ કરવામાં કર્મચારીઓને પસીનો છૂટી રહ્યો છે. એસ.ટી. વિભાગના વર્કશોપમાં મેન્ટેનન્સના નામે ધુમ્બલ ચાલી રહ્યું છે. વર્કશોપમાં પૂરતા પ્રમાણમાં સ્પેરપાર્ટ ન હોવાની ફરિયાદ અગાઉ ઉઠી હતી તેમાંય જરુરી બ્રેક લાઈનર સમયસર મળતા ન હોવાથી જોખમપૂર્વક ડાઈવરને બસ હંકારવાની ફરજ પડતી હોય છે. જિલ્લામાં મોડાસા સહિત ના એસ.ટી. બસ મથકમાં કાયમી રૂટની એસ.ટી. બસોને સેલ ન લાગવાના કારણે ડ્રાઈવર-કંડક્ટરો પરેશાન બની ગયા છે. ડેપોની સાથે અન્ય સ્થળે ૨ ત્રિ રોકાણ ર્યા પછી સવારે નિર્ધારીત રુટ ઉપર લઈ જવા માટે બસ ચાલુ કરવાનો પ્રયાસ થાય પરંતુ બેટરીમાં ખામીના કારણે સેલ લાગતા નથી જેથી ધક્કો અથવા તો અન્ય વાહનની બેટરી દ્વારા સલામત સવારી ગણાતી એસ.ટી. સેલ લગાવી રવાના કરવામાં આવતી હોય છે. છેલ્લા કેટલાય સમય થી જિલ્લાના મોડાસા, બાયડ, ભિલોડા, હિંમતનગર, ઈડર સહિતના ડેપોમાં એસ.ટી. બસને સેલ ન લાગવાનો રોગ લાગુ પડવા પછી હવે શિયાળામાં સ્થિતિ વધુ વણસી છે જેથી એસ.ટી. વિભાગના જવાબદારો દ્વારા સેલ ન લાગવા મુદે તપાસ કરવામાં આવે તો એસ.ટી. બસની બેટરી બદલવાનાન મે માત્ર ચાર્જીગ કરી કામ ચલાવાતું હોવાની ચાલાકી બહાર આવી શકે છે.

**એસ.ટી. વિભાગીય વડાએ ફોન ઉપાડવાનું ટાળ્યું**

હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ઈન્ચાર્જ વિભાગીય એસ.ટી, વડા એચ.બી.ગોસ્વામીનો સંપર્ક કરતાં કોઈપણ કારણોસર ફોન ઉપાડવાનું ટાળી રહ્યા છે.

# પ્રાંતિજના ખોડીયાર કુવા ખાતે શ્રી બહુચર માતાના મંદિરે અન્નકુટ ધરાવાયો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખોડીયાર કુવા ખાતે ખાતે આવેલ શ્રી બહુચર માતાના મંદિર ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ માગશર સુદ બીજને રવિવાર ના દિવસે માતાજી ના પ્રાગટય દિન ની ભાવપૂર્વક ઉજવણી કરવામા આવી હતી જેમા શ્રી બહુચર માતાજી સમક્ષ અન્નકુટ ભરવામા આવ્યો હતો જેમા વિવિધ વાનગીઓ તેમજ માતાજી ને રસ પુરી ના ભોજન ધરાવવામા આવ્યા હતા અને બાળકો દ્વારા કેક કાપી મા ના જન્મ દિન ની ઉજવણી કરવામા આવી હતી તો શ્રી બહુચર માતાજીના શંખલપુર તેમજ ભવ્ય મંદિર મા પણ ખુબજ ધામધૂમ થી કરવામા આવે છે શ્રી બહુચર માતાજીના મંદિર ના આગેવાન કનકભાઈ વ્યાસ તેમજ પૂજા કરનાર દેવાંગ ભાઈ વ્યાસ તેઓ એ ભકતો ના સહયોગ થી અન્નકુટ નો સુંદર આયોજન કર્યુ હતુ તો શ્રી બહુચર માતાજી માં શ્રધ્ધા ધરાવતા ભકતોની મનોકામના પૂર્ણ થયાના અનેક દાખલા પ્રચલિત છે મરઘા ઉપર સવારી કરનાર મા બહુચર ના અન્ય ભકત વલ્લભ ભટ્ટ ને પણ અનેક પરચા આપતા તેમણે આનંદ ના ગરબા ની રચના કરી હતી જે આજે પણ ઘરે-ઘરે ગવાય છે પ્રાંતિજ ખાતે શ્રી બહુચર માતાના મંદિર મા બહુચર મા ઉપરાંત ખોડીયાર માતા મહાકાળી માતા તેમજ ગણપતિ દાદા બિરાજમાન છે તેમની બાજુમા શ્રી લક્ષ્મીજી માતા નુ મંદિર તેમજ સામે શ્રી અંબાજી માતાનુ મંદિર આવેલ હોય તો દરરોજ સવાર-સાંજ આરતી દર્શન માટે ભકતો ઉમટી પડે છે.





આવેલ શ્રી બહુચર માતા ના મંદિર ખાતે માગશર સુદ બીજની ઉજવણી કરવામા આવી હતી જેમા કેક કાપીને અન્નકુટ ભરવામા આવ્યો હતો.

પ્રાંતિજ ના ખોડીયાર કુવા

# ગાંભોઈમાં હોમગાર્ડ દિનની ઉજવણી કરવામાં આવી



ગાંભોઈ, તા.૦૬

હિંમતનગર તાલુકાના ગાંભોઇ ખાતેની શ્રી ગાંભોઈ હાયર સેકન્ડરી હાઈસ્કૂલના મેદાનમાં ગાંભોઈ હોમગાર્ડ યુનિટ દ્વારા સોમવારના રોજ છઠ્ઠી ડિસેમ્બરે હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હોમગાર્ડના જવાનો દ્વારા સ્કૂલના ગ્રાઉન્ડમાં પરેડ યોજી ફરજ સાથે સેવાકીય પ્રવૃત્તિ કરવાના જવાનોએ શપથ લીધા હતા. આ પ્રસંગે હોમગાર્ડ ઓફિસર કમાન્ડન્ટશ્રી હિમતસિંહ બી.મકવાણા તથા પ્લાટુન સાર્જન્ટ સી.જી.નાયીની આગેવાની હેઠળ તેમજ તાલુકા સદસ્યશ્રી કુલદીપસિંહ રાઠોડની ઉપસ્થિતમાં હોમગાર્ડના જવાનો દ્વારા ગાંભોઈના જાહેર માર્ગો પર પથરાયેલ કચરાના ઢગને દૂર કરી સ્વચ્છતા અભિયાન સાથે માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

# શરત મુજબ ફાઈનાન્સના હપ્તા નહિ ભરીને જુનાડીસાના યુવક સાથે છેતરપિંડી

## આરોપી વિરુદ્ધ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ

ડીસા, તા. ૬


ડીસા તાલુકાના જૂનાડીસા ગામના યુવકને બજાજ ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા યુવકે લોન અપાવી હતી પરંતુ શરત મુજબ ઉછીના લીધેલા રૂપિયામાંથી હપ્તા ન ભરીને છેતરપિંડી આચરી હોવાની ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાઈ છે.

જુનાડીસા ગામના પત્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા હનીફ ઘાસુરાને કોરોના સમયે રૂપિયાની જરૂરી હોઈ તેમણે બજાજ ફાઈનાન્સમાં લોન માટે અરજી કરી હતી પરંતુ પત્રકારને લોન આપતા નહિં હોવાનું જાણવા મળ્યું હતું .પણ ગામમાં નવા રહેવા આવેલા અને બજાજ ફાઈનાન્સમાં નોકરી કરતા વસિમભાઈ બાબુભાઈ કાઠીયાવાડીનો સંપર્ક કરતાં એક લાખ નહીં પણ એક લાખ ત્રીસ હજારની લોન અપાવીશ એવું સેટિંગ મહેશભાઈ ફાયનાન્સમાં નોકરી કરતા સાથે ગોઠવણી કરેલ અને પછી ત્રીસ હજાર ઉછીના (ઉધાર) આપવાની શરત રાખેલ જે તેમણે લોન ખાતામા? આવતાં જ આપેલ. જે પહેલા બે ત્રણ તે ? હપ્તા તે ભરશે તેમ કહેલ. તેમનાં મિત્ર દાંતીવાડાના જાવેદભાઈના ફોન પે ખાતામાં તારીખ ૧૩/૯/૨૦૨૧ નંખાવેલ અને પ્રથમ હપ્તો દંડ સાથે મોડું ભરેલો અને બાકીના બીજો હપ્તો પણ સમયે ન ભરી શાખ બગાડેલ. આ બાબતે હનિફ ઘાસુરાએ તેઓની વિરુદ્ધ જાણવાં જોગ અરજી આપેલ અને ૪૦૬-૪૨૦ ગુન્હો રેકર્ડ લેવાની કાર્યવાહી કરવાની અરજ ગુજારેલ છે.

# નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ ઈડર દ્વારા ૧લી ડિસેમ્બર વિશ્વ એઈસ દિવસની ઉજવણી કરાઈ

બાયડ તા.૦૬

સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી અને સાબર ગ્રામ મહાવિધ્યાલય સોનાસણ તા.પ્રાંતિજમાં નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ ઈડર દ્વારા ૧લી ડિસેમ્બર વિશ્વ એઈસ દિવસની ઉજવણી કરવામાં આવી. આ




પ્રસંગે ૩૦૦ થી વધુ વિધ્યાર્થીઓને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી એચ.આઈ.વી, એઈડ્રેસ,જાતિય રોગો અને ટી.બી.વિશે માહિતી આપવામાં આવી હતી આ બાબતે સંસ્થાના પ્રોજેકટ ડાયરેકટર કે.પી.પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ મેનેજર મહેન્દ્રભાઈ વણકર દ્વારા કોલેજમાં માહિતી આપવામાં આવી હતી સાથે સાથે સંસ્થાના આઉટ રીચ વર્કર અલકાબેન, મુકુંદાબેન, યોગેશભાઈ,અને શૈલેશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને પોસ્ટર મેકીંગ તેમજ પ્રદર્શન ની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી.

# વડગામના જુના નાગરપુરામાં દિપડાનો આતંક : ત્રણ લોકોને ઘાયલ કર્યા

પાલનપુર તા. ૬

વડગામ તાલુકાના જુના નાગરપુરા ગામમાં વહેલી સવારે વન્ય પ્રાણી દિપડો ખેતરમાં ધસી આવતા ખેતરમાં રહેતા ૩ લોકોને ઘાયલ કરતા નાનકડા ગામમાં હાહાકાર મચી જવા પામી છે.જયારે આ અંગેની વાત ગામમાં પ્રસરી જતાં લોકોમાં ભય સાથે ફફડાટ વ્યાપી ગયો છે.



જુના નાગરપુરા ગામની સીમમાં આવેલા ખેતરમાં રહેતા મુકેશજી કેશરજી ઠાકોર રવિવાર ના સવારે આશરે સાત વાગ્યાના સુમારે ખેતરમાં હતા તે સમયે અચાનક ધસી આવેલા દિપડાએ મુકેશજીને ઘાયલ કર્યા હતા.ત્યાર બાદ બાજુના ખેતરમાં રહેતા બાબુજી ફતાજી ઠાકોર સવારે લઘુશંકા માટે ખેતરમાં ગયા હતા તે સમયે અચાનક દોડી આવેલા દિપડાએ તેમને પણ શિકાર બનાવીને પ્રહાર કરતા બાબુજી ઠાકોરે બચવા માટે બુમાબુમ કરતા બાજુમાં રહેતા તેમનો દિકરો જશવંતજી હાથમાં જે આવ્યું તે લઈને તેમના પિતાને દિપડાથી બચાવવા દોડી ગયો હતો.જયા દિપડાએ બાબુજી ઠાકોરને માથાના પાછળ ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.અને બાબુજી ઠાકોરને લોહી લુહાણ હાલતમાં દિપડાની પક્કડ થી મહામુસીબતે છોડાવાયા હોવાનું તેમના પુત્રએ જણાવ્યું હતું.જયારે જશવંતજી ઠાકોરને પણ પગના ભાગે બચકું ભરીને ઘાયલ કરતા આ ત્રણેય વ્યક્તિઓ સારવાર માટે દવાખાને લઈ જઈને સારવાર કરાવાઈ હતી.આ અંગે ની જાણ વડગામ વનવિભાગ ના આર.એફ.ઓ.તેજશભાઈ ચૌધરીને કરાતાં જ તેઓ વડગામ વન વિભાગની ટીમ સાથે દોડી આવ્યા હતા.સાથે સાથે બનાસકાંઠા પાલનપુર સામાજિક વનીકરણ વિભાગની ટીમ પણ નાગરપુરા દોડી આવી હતી.જયારે છાપી પોલીસને જાણ થતાં છાપી પી.એસ.આઈ.તેમની ટીમ સાથે આવી પહોંચ્યા હતા.દિપડો આવ્યો હોવાની જાણ નાગરપુરા સહીત નગાણા,મેગાળ સહીત ના ગામડાઓમાં થી લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઘટના સ્થળે લોકોના ધાડેધાડા ખડકાયા હતા.દિપડો ત્રણ લોકોને ઘાયલ કરીને બાજુમાં જ ખેતરની વાડ પાસેની ઝાડીમાં ઘસીને બેસી ગયો હતો.વનવિભાગ ની ટીમ સાથે રેશ્કયુ ટીમ તેમજ બનાસકાંઠા વેટેનરી ઓફીસર ઘટના સ્થળે આવીને દિપડાને પકડવા માટેની તજવીજ હાથ ધરી હતી.પરંતુ દિપડો એવી જગ્યાએ બેઠો હતો કે તેને પકડવો વનવિભાગ માટે પણ મુશ્કેલ બન્યું હતું.સવારે નવ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી વનવિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવા મહામહેનત આદરી હતી.પણ વનવિભાગ ને સફળતા મળી ન હતી.મોડે સુધી વનવિભાગ ની ટીમ હાજર રહીને સાંજના સમયે વડગામ વનવિભાગ ની હદમાં નિકળી જશે તેવી આશા સાથે નજર રાખીને બેઠા હતા.પરંતુ પકડવા માટેની વનવિભાગ ને મોડે સુધી કોઈ જ સફળતા મળી ન હોવાના વડગામ આર.એફ.ઓ.એ જણાવ્યું હતું.

